Extra No. 105

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, APRIL 10, 2026 / CHAITRA 20, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

File No: KHD/MAG/e-file/450/2026/1160/MAG/BRANCH.-(૧) તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૦૨/૦૪/૨૦૨૬ દરમ્યાન ડાકોર શ્રી રણછોડરાયજી મંદિર ખાતે ચૈત્રસુદ પૂનમ લોકમેળા, (૨) તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ચૈત્રસુદ પૂનમ નિમિત્તે (A) વડતાલ શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે ધાર્મિક લોકમેળા, (B) નડીયાદ શ્રી સંતરામ મંદિર ખાતે ધાર્મિક લોકમેળા, (૩) તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ હનુમાન જયંતિ ઉજવણી, (૪) તા.૦૩/૦૪/૨૦૨૬ ના રોજ ગુડ ફ્રાઈડે તહેવાર, (૫) તા. ૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી, (૬) તા.૧૯/૦૪/૨૦૨૬ ના રોજ ભગવાનશ્રી પરશુરામ જયંતિ શોભાયાત્રા તથા અન્ય અગત્યના બંદોબસ્ત તેમજ વીઆઈપીશ્રી અને મહાનુભાવશ્રીનાઓના ખેડા જિલ્લા હદ વિસ્તારના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરાં પગલાં રૂપે તા.૦૧/૦૪/૨૦૨૬ થી તારીખ.૩૦/૦૪/૨૦૨૬ દરમ્યાન ખેડા જિલ્લા હદ વિસ્તારમાં હથિયાર બંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તા.૨૭/૦૩/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/ હથિયાર જાહેરનામું/૦૪/૩૯૪/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓની ઉકત દરખાસ્ત અમોને ઉચિત અને આવશ્યક જણાયેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા કોઈપણ જાતના ચપ્પુ (અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા) સાથે રાખી ફરવાની અને તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

2) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

3) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

4) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું.

5) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર:- સમગ્ર ખેડા જિલ્લો વિસ્તાર

અપવાદ:- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

1) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

2) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ, તા.૧લી એપ્રિલ ૨૦૨૬.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.03 13:17:27 IST